**વડીલોને વંદન**

**અભિનંદન**



મગનભાઇ સવાભાઇ પટેલ
(૧૯૪૦) ફોન : ૨૩૨૨૨૬૭૯૫

## ભક્તોના ગૃહે લઘુરુદ્રનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં શિવજીની આરાધના અને પૂજા પાઠ માટે ભક્તજનોના ઘરે લઘુરુદ્રનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ભટ્ટ મેવાડા સમાજ દ્વારા ભક્તજનોને ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ભટ્ટ મેવાડા સમાજ દ્વારા શ્રાવણ માસ દરમિયાન દરરોજ રાત્રે ૮ થી ૧૦ કલાક દરમિયાન શિવ મહિમ્નના પાઠ, વિષ્ણુ સહસ્ત્રના પાઠ કરવામાં આવે છે. શ્રાવણના દર સોમવારે લઘુરુદ્રનું આયોજન જ્ઞાતિજનોના ઘરે કરવામાં આવી રહ્યું છે. પાઠ કરાવવા ઈચ્છતા ભક્તજનોએ પ્રમુખ રમેશભાઈ જોષીનો સેક્ટર-૭ ખાતે સંપર્ક કરવો.

## વિસનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૧૧

વિસનગર તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનું ૪૩મું સ્નેહમિલન સંમેલન ખોડભાઈના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. જેમાં મોટી સંખ્યામાં પેન્શનરો હાજર રહ્યા હતા.

આ બેઠકમાં મહેમાનોનો પરિચય, સંદેશા વાંચન, મંડળનો અહેવાલ, ૭ વર્ષીય વયસ્કોનું સન્માન, પેન્શનરોને માર્ગદર્શન, પેન્શનર જગત ડાયરી અંગે ચર્ચા વિચારણા, દિવંગત સભ્યોને શ્રધ્ધાંજલી, ઓળખ કાર્ડનો ઉપયોગ, પ્રવાસનું આયોજન વગેરેની ચર્ચાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળને દાન આપનાર દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખુશાલભાઈ, શેતાનસિંહ ચૌહાણ, ડી.એમ. જોદધા, જિલ્લા ટ્રેઝરી અધિકારી કાલીદાસ પટેલ, મહામંત્રી ગુ.રા.નિ. કર્મચારી મંડળના કે.સી. શાહ સહિત જીતેન્દ્ર પુરોહિત ખાસ હાજર રહ્યા હતા તેમજ મંડળને મદદરૂપ થવા હાકલ જીતેન્દ્રભાઈએ કરી હતી.

# મીની વેકેશન અને રમઝાન ઈદની ઉજવણી માટે મુસ્લિમ બિરાદરો સે. ૨૮ બગીચામા ઉમટ્યા

ગાંધીનગર, તા.૧૧

પવિત્ર રમઝાન ઈદના તહેવારમાં સતત વરસાદ વરસતા મુસ્લિમ બિરાદરોએ ઈદની ઉજવણી પોતાના ઘરમાં જ કરી સંતોષ માનવો પડ્યો હતો. આજે વરસાદી માહોલમાંથી છૂટકારો મળતા અને ઉઘાડ નિકળતા મીની વેકેશન મનાવવા મોટી સંખ્યામાં મુસ્લિમ બિલોદરા પોતાના પરિવારજનો સાથે નાસ્તા-પાણીની મજા માણવા જિલ્લાના મોટા ભાગના બગીચાઓ અને જાહેર સ્થળોએ આવી પહોંચ્યા હતા. ખાસ કરીને શહેરના સે.૨૮માં આવેલા બગીચામાં ભારે ધસારો જોવા મળ્યો હતો.



પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયો અને મસ્જિદોમાં ઈદ-ઉલ-ફિત્ર રમઝાન ઈદની ઉજવણી આ વખતે શ્રાવણિયા ઝરમર વરસાદની વચ્ચે પોતાના ઘરે જ કરવી પડી હતી. ત્યારે ૩ દિવસના મીની વેકેશન બાદ આજે રવિવારની વહેલી સવારથી જ ઉઘાડ નીકળતા અને વેકેશનની રજાઓ માણવા મોટી સંખ્યામાં અમદાવાદ સહિત આશરે ૫૦-૬૦ કિ.મી.ના અંતરેથી મુસ્લિમ બિરાદરો પોતાના પરિવારજનો સાથે જિલ્લાના મોટાભાગના બગીચામાં આવી પહોંચ્યા હતા. પરિવાજનો સાથે સેક્ટર-૨૮ના બગીચામાં આવેલી વિવિધ રાઈડ્સમાં બેસી ખાણી-પીણીની મજા માણતા નજરે પડ્યા હતા. રજાની મજા માણવા સેક્ટર-૨૮ની સાથે સાથે સરિતા ઉદ્યાન અને સ્વર્ણિમ પાર્ક, ફનપાર્ક વગેરે જાહેર સ્થળો અને સીટી પલ્સ તેમજ સિનેમેક્સ થેટરમાં ભારે ભીડ ઉમટી પડી હતી. સેક્ટર-૨૮ના બગીચામાં આવેલી વિવિધ રાઈડ્સમાં બેસવાનો નજીવો ચાર્જ રૂ. ૩ ચાલતો હતો પરંતુ આ વખતે રૂ. ૨નો વધારો ઝીંકાતા હવે સેક્ટર-૨૮ના બગીચામાં આવનાર મુલાકાતીઓને એક-એક રાઈડ્સમાં બેસવા માટે રૂ. ૫ ખર્ચવા પડશે. બે દિવસની રજાઓ, ઉઘાડ નીકળતા અને ઈદની રજાઓ માણવા સવારથી સાંજ સુધી ગાંધીનગરના માર્ગો પર મુસ્લિમ બિરાદરો પોતાના પરિવાર સાથે વાહનો પર જતા નજરે પડતા હતા.

# કેન્દ્ર સાથે ગુજરાતના પડતર પ્રશ્નોની યાદી અદ્યતન કરાઈ

ગાંધીનગર, તા.૧૧

કેન્દ્રમાં પડતર ગુજરાતના પ્રશ્નોની પુસ્તિકા તૈયાર કરવાની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના એ.આર.ટી.ડી. પ્રભાગ દ્વારા હાથ ધરવામાં આવી છે. આગામી ટૂંક સમયમાં ગુજરાતના સંસદસભ્યોની મળનારી બેઠકમાં ગુજરાતના પડતર પ્રશ્નોથી તેમને વાકેફ કરવામાં આવશે.

સંસદનું સત્ર મળે ત્યારે ગુજરાતના પડતર પ્રશ્નો અંગે સાંસદો રજુઆત કરી શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા પડતર પ્રશ્નોની એક પુસ્તિકા તૈયાર કરીને સાંસદોને પડતર પ્રશ્નોની વિગતોથી માહીતગાર કરવામાં આવતા હોય છે. હાલમાં સંસદનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ સત્ર દરમિયાન સાંસદો ગુજરાતના પડતર પ્રશ્નોથી માહીતગાર થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા પડતર પ્રશ્નોની અદ્યતન માહિતી સાથેની પુસ્તિકા તૈયાર કરાઈ રહી છે.

તાજેતરમાં જ ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના એઆરટીડી પ્રભાગ દ્વારા પડતર પ્રશ્નના અપડેટ અંગેની વિગતો રજુ કરી હતી જેમાં એવું જણાવ્યું હતું કે માર્ચ ૨૦૧૩માં તૈયાર કરવામાં આવેલ પુસ્તિકામાં વિવિધ ૧૮ વિભાગો પાસેથી ૧૦૯ મળેલ પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

હાલમાં સંસદનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે ત્યારે કેન્દ્ર સરકાર સાથેના ગુજરાતના પડતર પ્રશ્નની વિગતો અદ્યતન કરવાની કામગીરી શરુ કરવામાં આવી છે જેમાં અત્યાર સુધીમાં ૧૮ વિભાગો પૈકી ૧૨ વિભાગો દ્વારા ૫૭ પ્રશ્નોની અદ્યતન વિગતો તૈયાર કરીને વિભાગને મોકલી આપી છે. જયારે ૬ વિભાગોના ૫૩ પડતર પ્રશ્નોની અદ્યતન વિગતો મળેલ નથી.

આ બાબતની નોંધ લઈને રાજયના મુખ્ય સચિવે સંબંધિત વિભાગોને તાકીદે પડતર પ્રશ્નોની અદ્યતન વિગતો એ.આર.ટી.ડી. પ્રભાગને મોકલી આપવા માટે તાકીદ કરી છે. આ ઉપરાંત તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા અન્ન સુરક્ષા વટહુકમ કરવામાં આવ્યો છે ત્યારે આ પ્રશ્નને લગતી બાબતોને લઈ આ પ્રશ્નને નવા પ્રશ્ન તરીકે પડતર પ્રશ્નોની યાદીમાં સમાવેશ કરવા અંગે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

૧૫મી ઓગષ્ટ બાદ ગુજરાતના સંસદ સભ્યોની એક બેઠક યોજાનાર છે આ બેઠકમાં સાંસદોને કેન્દ્ર સાથેના ગુજરાતના પડતર પ્રશ્નોની વિગતોથી માહીતગાર કરવામાં આવશે તેમજ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજય સરકાર કક્ષાએથી તેમજ મુખ્યમંત્રી કક્ષાએ કેન્દ્ર સરકાર સમક્ષ કયારે અને કેટલીવાર રજુઆતો કરવામાં આવી એ વિગતોથી પણ માહીતગાર કરીને સંસદના ચોમાસુ સત્રમાં કેન્દ્ર સમક્ષ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રજુઆત કરવા માટે સાંસદોને અનુરોધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.





ડીસાના પત્રકાર વિજય બારોટ ઓગસ્ટ માસમાં શ્રીલંકા દેશનો પ્રવાસ ખેડશે. ભારતના ૨૫ પત્રકારોનું એક પ્રતિનિધિ મંડળ એક સપ્તાહના શ્રીલંકાના પ્રવાસે જઈ રહ્યું છે. આ પ્રવાસ દરમિયાન પત્રકારો શ્રીલંકાના વિવિધ પ્રાંતોનો પ્રવાસ કરશે. આ અગાઉના પ્રવાસ પ્રસંગે વિજય બારોટે શ્રીલંકાના રાષ્ટ્રપતિ મહિન્દ્રા રાજપક્ષેની શુભેચ્છા મુલાકાત લીધી હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# શાહપુરમાં મેન્ટલ હેલ્થ સેન્ટર સ્થાપવાની તૈયારી

કુશળ અને ક્વાલીફાઈડ મનોચિકિત્સક અને મનોવિજ્ઞાનના નિષ્ણાંતોની અછતને દૂર કરવાના હેતુસર ગુજરાત સરકારે હવે માનસિક આરોગ્ય અભ્યાસ અને સંશોધનમાં સર્વશ્રેષ્ઠતા માટે નવા સેન્ટરની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારની આ હિલચાલને ખૂબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ૩૫ કરોડના ખર્ચે આ સેન્ટરની રચના કરવામાં આવી રહી છે. શાહપુર નજીક હાલમાં રહેલા મેન્ટલ હોસ્પિટલ નજીક આ સેન્ટરની સ્થાપના કરવામાં આવનાર છે. નિર્માણ કામગિરી શરૂ થઈ ચુકી છે. આ સેન્ટર મારફતે વિદ્યાર્થીઓને માનસિક આરોગ્યની જરૂરીયાતોના સંબંધમાં ટ્રેનિંગ આપવામાં આવશે. આ ઉપરાંત એડવાન્સ લેવલના કોર્સના વિષયોને આવરી લઈને સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેની માહિતી આપવામાં આવી હતી. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગુજરાતમાં માનસિક આરોગ્યના ક્ષેત્રમાં વ્યાપક અછત મેઈન પાવરની દેખાઈ રહી છે. હાલમાં આશરે ૩૦૦ જેટલા પ્રોફેસનની દષ્ટિએ તાલીમ પામેલા મનોચિકિત્સકો છે. જ્યારે માત્ર ૩૫ જ કલીનીકલ સાઈકોલોજિસ્ટ છે અને ૫૦ જ ક્વાલીફાઈડ સાઈક્યાટ્રીક નર્સ છે.આ સેન્ટરમાં એમડી, એમફીલ અને પીએચડી લેવલ સુધીના એડવાન્સ કોર્સ ચલાવવામાં આવશે.

## રોગચાળાનો ઉપદ્રવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દુ:ખાવાની ફરિયાદોનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે.

બીજી તરફ આરોગ્ય તંત્રએ પણ લોકોને અપીલ કરી અને સ્વચ્છતા જાળવવા તેમજ પાણીના સંગ્રહસ્થાનોની સફાઈ ખાસ કાળજી લઈ કરવામાં આવે તેવો આગ્રહ કર્યો છે.

આ ઉપરાંત ડેન્ગ્યુના મચ્છરો જે દિવસ દરમિયાન બાઈટ કરતા હોવાથી આખી બાંયના કપડા પહેરવા પણ જણાવાયું છે.

તંત્રએ એન્ટી લારવેલ અને સર્વેલન્સની કામગીરી સઘન બનાવી છે. તંત્રએ મચ્છરોની ઉત્પત્તિને અટકાવવામાં લોકોના સહયોગનો આગ્રહ કરી જણાવ્યું છે કે પાણીનો ત્વરિત નિકાલ થાય તેમજ સ્વચ્છતા જાળવવામાં સૌની જાગૃત્તિ જરૂરી છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે વાહકજન્ય રોગચાળાએ માથું ઉચક્યું છે તો બીજી તરફ ડહોળા પાણીને કારણે પણ લોકોના જીવ તાળવે ચોંટી ગયા છે.

જોકે ડાયેરિયાના કેસો છૂટાછવાયા મળી રહ્યા છે. આ ઉપરાંત કમળાના કેસો પણ છૂટાછવાયા મળી રહ્યા હોવાથી પાણીજન્ય રોગચાળાનો પણ ખતરો ઉભો થયો છે. ડહોળા પાણીની ગુણવત્તા સામે પણ લોકોમાં પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે.

## ફરાળી વાનગીઓમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સો કરતા વધુ ફરાળી આઈટમો વેચાઈ રહી છે.

શ્રાવણ માસ શરૂ થતા જ ભાવિકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ દિવસોમાં ઉપવાસ-એકટાણાનું ધાર્મિક મહત્વ છે. ફક્ત મોટી ઉંમરના જ નહી પરંતુ યુવાવર્ગમાં પણ ઉપવાસ-એકટાણાનું મહત્વ વધ્યુ છે. ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં હવે ફરાળી આઈટમોએ સ્થાન જમાવી લીધી છે. સો કરતાં પણ વધુ આઈટમો હાલમાં મળી રહી છે. અગાઉના સમયમાં ફરાળી આઈટમોનું મેનુ ચેવડો-મીઠાઈ અને વેફર તથા ફળોમાં સમાઈ જતુ પરંતુ હવે તો ફરાળી ઢોસાથી લઈને પીત્ઝા સુધીની આઈટમો મળી રહી છે. હોટલોમાં ખાસ ફરાળી મેનુ જોવા મળી રહ્યુ છે. આ ઉપરાંત બજારમાં ફરાળી ખાખરા, બિસ્કીટ, કુકીઝ, ઉત્પમ, ઈડલી, ભાખરી, પુડલા સહિતની વાનગીઓની રેન્જ મળી રહે છે. ફરાળી આઈટમોની ડીમાન્ડ ખુબ વધી છે. હવે તો જેઓ ઉપવાસ નથી કરતા તેઓ પણ આ આઈટમોની વેરાઈટી જોઈ તેને ખાવાની લાલચ રોકી શકતા નથી. તૈયાર આઈટમો ઉપરાંત રાજગરાનો લોટ, સાબુદાણા, સીંગદાણા, મોરૈયો, શિંગોડાનો લોટ જેવી ચીજવસ્તુઓની ડીમાન્ડ વધી છે. હવે તો ફરાળી વાનગીઓના ઈસ્ટંટ પેકેટ પણ મળી રહ્યા છે. જેના વડે તુરંત જ અવનવી ફરાળી વાનગીઓ બને છે. મીઠાઈ અને ફળોની માંગમાં પણ ખુબ ઉછાળો આવ્યો છે.

## શબ્દાવલી - ૫૧૪૭

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | | ■ | ૮ | |
| ૯ | | ■ | ૧૦ | | | | |
| ■ | ૧૧ | ૧૨ | | | ■ | ૧૩ | ■ |
| ૧૪ | ■ | | ■ | ■ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | ૧૮ | | ૧૯ | ■ | | | |
| ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | ■ |
| ૨૪ | | | | | ■ | ૨૫ | |

**આડી ચાવી**

૧. ખુબસુરત, સુંદર (૫)
૫. નાગ (૨)
૭. જયરણછોડ... ચોર (૩)
૮. સુકું ઘાસ (૨)
૯. નાડી, રગ (૨)
૧૦. ઓવરણા, દુ:ખણા (૩)
૧૧. બીક, ભય (૪)
૧૫. જવાબદારી (૩)
૧૭. આરનો પાવડર (૪)
૨૦. ગરીબ (૨)
૨૧. જેવી દાનત તેવી... (૪)
૨૪. જડસુ માણસ (૫)
૨૫. ચણાનો લોટ-છાશની વાનગી (૨)

**ઊભી ચાવી**

૧. ખુદનું સ્વાભિમાન (૩)
૨. બરતરફી, રજા (૪)
૩. પ્રતિજ્ઞા (૨)
૪. ધૃણા (૪)
૫. પ્રતિષ્ઠા (૨)
૬. ચડતી અને... પડતી જીવનમાં આવ્યા જ કરે (૩)
૧૦. દુર્ગંધ (૨)
૧૨. હીચકી, મોંથી થતો અવાજ... અને જીતનો યુદ્ધમાં થયા જ કરે... (૨)
૧૪. ચોપાટ, ચોસઠ (૪)
૧૫. તફાવટ (૩)
૧૬. જીવ વગરનું ચેતન વગરનું (૨)
૧૮. દોડ... ની એક રમત (૩)
૧૯. પેન્સિલનું લખાણ ભૂંસવા જોઈએ (૩)
૨૨. કાર્ય..., તલ્લીન (૨)
૨૩. મોકો (૨)

**શબ્દાવલી ૫૧૪૬ના જવાબ**

**આડી ચાવી :-** (૧) દામીની (૩) કમજોરી (૬) કામચોર (૭) ચાહ (૮) જવ (૯) રાગ (૧૦) પા (૧૧) ખમણી (૧૨) મલાઈ (૧૪) રાબ (૧૫) ઈલા (૧૬) સરવાણી (૧૯) જવાબદારી (૨૧) શમા (૨૨) શરીર

**ઊભી ચાવી :-** (૧) દાપુ (૨) નીકાહ (૩) કચોરી (૪) મર (૫) રીજવણી (૭) ચાગલાઈ (૮) જમ (૯) રામ (૧૧) ખબરદાર (૧૩) વારી (૧૮) લાશ (૨૦) વાશ

# સમગ્ર ભારતમાં એક માત્ર ૧૧ માળ ધરાવતું શિવાલય વૈજનાથ મહાદેવ

(ધીરેન પટેલ) ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ભારતવર્ષમાં એક માત્ર ૧૧ માળ ધરાવતું પૌરાણિક શિવાલય એટલે વાસન ગામનું વૈજનાથ મહાદેવ દાદાનું મંદિર જયાં આજે પણ સૂર્યનું પ્રથમ કિરણ શિવલિંગ પર પડે છે અને દિવસની શરૂઆત થાય છે. મંદિર વાસ્તુશાસ્ત્રના સંપૂર્ણ



(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

નિયમોથી ઈ.સ. પૂર્વ ૧૦૧ વર્ષ પહેલા બનાવવામાં આવયું હોવાની લોક વાયકા છે. જયાં આજે વૈજનાથ મહાદેવનું મંદિર શ્રધ્ધા અને આસ્થાનું મોટું ધામ બન્યું છે. આ શિવાલય તેના ગર્ભગૃહથી માંડીને તેની શિખર સુધી વિશિષ્ઠ કારીગરી માટે જાણીતું બન્યું છે. જિલ્લાના જ નહીં પરંતુ સમગ્ર દેશ વિદેશમાં વસેલા શિવભકતો શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં મંદિરની મુલાકાત લઈ ધન્યતા અનુભવે છે.

ગાંધીનગરથી ૧૫ કિલોમીટર દુર આવેલ વાસન ગામના પ્રારંભમાં જ ગાંધીનગર માણસા હાઈવેને અડીને જ આવેલ વૈજનાથ મહાદેવના મંદિરે શ્રાવણ માસના સોમવારનું અનેરું મહાત્મ્ય છે. સોમવારના રોજ જિલ્લાની સાથો સાથ સમગ્ર રાજયમાંથી ભકતો દર્શનાર્થે આવતા હોય છે. મંદિર પટાંગણ ખુબ જ મોકળાશ ધરાવે છે. ગર્ભ ગૃહમાં પ્રવેશ કરતાં જ રાજપુત અને મોગલ શૈલીના ચિત્રો



કંડારવામાં આવ્યા છે. એવું કહેવાય છે કે આ ચિત્રો વિક્રમની ૧૦મી સદીના ઈ.સ. ૧૦૦૦ વર્ષ જૂના પ્રાચીન છે તેમજ મંદિરની વિશેષતામાં આ મંદિર વાસ્તુશાસ્ત્રને આધિન જે તે સમયે બનાવવામાં આવ્યું છે. આ મંદિર એટલા માટે બીજા મંદિરોથી અલગ તરી આવે છે કારણ કે બીજા બધા મંદિરોમાં અંદર આવતા જ સૌ પ્રથમ પોઠીયો નજરે ચઢે છે અને ત્યાર બાદ કાચબો પરંતુ અહિંયા સૌ પ્રથમ કાચબો અને ત્યારબાદ પોઠીયો જોવા મળે છે. આ મંદિરના પૂજારીને આ મંદિરનો ઈતિહાસ પૂછતા તેમણે જણાવ્યું હતું કે જે તે સમયે આ જમીન રાંધેજા ગામની ગૌચર હતી. આ જગ્યા ઉપર ગામની ગાય ચરવા માટે આવતી હતી અને આ જગ્યા ઉપર આવતા જ આપોઆપ દુધ ઝરી જતું હતું. તપાસ કરતાં આ જગ્યાએ ખોદકામ કરતા મંદિરમાં અત્યારે હાલ ગર્ભ ગૃહમાં જે શિવલીંગની જગ્યાએ જે ભાગ હોય તે નીકળી આવ્યો હતો અને ત્યારબાદ મંદિરનું નિર્માણ રાંધેજા ગામના જ ભવદાસ પટેલ દ્વારા આ મંદિરનું નિર્માણ થયું છે. અત્યારે હાલ પણ ભવદાસ દાદાના ચરણારબિંદ અહીંયા હાજર છે. મંદિર પરિસરમાં જ ગણપતિદાદા રિધ્ધિ સિધ્ધિ સાથે બિરાજમાન છે. એ જ મંદિરમાં ગણપતિ દાદાની મૂર્તિમાં આમ તો સામાન્ય તહ ડાબી બાજુ સૂંઢ હોય છે પરંતુ આ પ્રતિમામાં જમણી બાજુ સૂંઢ છે એ પણ એક ચમત્કારીક બાબત ગણવામાં આવે છે. આ મંદિરમાં આજે પણ શિવલીંગ નથી એ ગાયના ખરીયાવાળા ભાગની જ પૂજા અર્ચના હાથ ધરાય છે. સાથો સાથ અહીંયા આવતા ભકતોના વિવિધ મનોરથ પણ પૂર્ણ થાય છે એટલા માટે સમગ્ર જિલ્લામાંથી વિવિધ સ્થળોએથી આ મંદિરે પગપાળા સંઘો પણ આવતા હોય છે. મંદિરની અંદર કુલ ૧૧ માળ આવેલા છે. જેમાંથી ૭ માળ ઉપર ૩ માળ ભોંયરામાં અને એક સભાગૃહ એમ કુલ ૧૧ માળથી શોભાયમાન છે. મંદિરમાં જ વિષ્ણુ અને લક્ષ્મીજીની પણ પ્રતિમા છે તે શંકરજી અને પાર્વતી સાથે શોભાયમાન છે. આ મંદિર ટ્રસ્ટમાં પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વિરોધપક્ષના નેતા એવા શંકરસિંહ બાપુ પ્રમુખ છે. તેમજ પૂર્વ ધારાસભ્ય સુરેશભાઈ પટેલ પણ આજ ટ્રસ્ટમાં કામ કરે છે. આ મંદિર ટ્રસ્ટ ખુબ જ સમાજ ઉપયોગી કાર્યક્રમો પણ કરે છે. આ મંદિર પરિસરમાં પશુ શાળા તેમજ અન્ન ક્ષેત્ર પણ ચલાવવામાં આવે છે. આ અન્નક્ષેત્રમાં સવાર સાંજ જરુરીયાતમંદ લોકોને જમાડવામાં આવે છે. આ મંદિરમાં લોક પ્રતિનિધિઓ પણ મંદિરની અવારનવાર મુલાકાત લેતા હોય છે. તેમજ સોમવારના રોજ રાજયના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ પણ દાદાના શરણે શીઝ ઝુકાવવા આવતા હોય છે.

## ભુવનેશ્વર મંદિરમાં મહાઆરતીનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૬માં આવેલા ચીપ ટાઈપ શોપિંગ સેન્ટર પાસેના શ્રી ભુવનેશ્વર મહાદેવના મંદિરમાં આજે ૧૨મી ઓગસ્ટ ૨૦૧૩ને સોમવારે સાંજે ૭.૩૦ કલાકે મહાઆરતીનો કાર્યક્રમ યોજાશે. ભુવનેશ્વર મહાદેવ મંદિર સેકટર-૬-ડીમાં આજે શિવજીનો હજારો પુષ્પોથી અભિષેક કરવામાં આવશે. અવિરત પુષ્પવર્ષા સાથે મહાઆરતી પણ યોજાશે. નગરજનોને આ પ્રસંગનો લાભ લેવા જણાવ્યું છે.

## કાશ્મીરમાં વિપક્ષના નેતા અરૂણ જેટલીનાં પ્રવેશને રોકવાનો પ્રયાસ બિનલોકતાંત્રિક છે : મોદી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશ્મીરનાં કિશ્તવાડમાં રાજયસભાનાં વિપક્ષનાં નેતા અરૂણ જેટલીનાં પ્રવેશને રોકવામાં જન્મુ-કાશ્મીર રાજય સરકારના પ્રયાસને બિનલોકત્રાંતિક ગણાવીને પોતાના ટ્વીટરનાં માધ્મયથી વખોડી કાઢ્યો છે.

# લો-ગાર્ડન પાસે સ્ટંટ કરતા ચાર બાઈકર્સ ઝડપાઈ ગયા

અમદાવાદ, તા.૧૧

આજકાલના યુવાનોને નાની વયથી જ બાઈક મળી જતાં તેનો ગેરલાભ ઉઠાવે છે. રસ્તા પર સ્ટંટ કરીને અન્ય તેમજ પોતાની જીંદગીને દાવ પર મુકે છે. જેના અંતર્ગત શહેરનો પોલીસ બાઈકર્સ દ્વારા કરાતાં સ્ટંટને રોકવા માટે સજાગ બનીને યોગ્ય પગલાં લેતા હોય છે. આવો જ એક બનાવ ગત રાત્રે લો-ગાર્ડન પાસે બન્યો હતો.

જયાં નવરંગપુરા પોલીસ અધિકારીઓ પેટ્રોલીંગ કરી રહ્યા હતા ત્યારે નળવાલા સર્કલ પાસે વારાફરતી ચાર બાઈકર્સ આવીને સ્ટંટ કરીને આનંદ ઉઠાવતા હતા. ચારેય બાઈકર્સના યુવાનોની ધરપકડ કરીને તેમની બાઈક જપ્ત કરી પોલીસ અધિકારીએ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી હતી.

ગત રાત્રીએ શહેરના પોશ વિસ્તાર એવા લો-ગાર્ડનના નળવાળા સર્કલ પાસે ફૈયાઝ મહમંદ સાબીર મનસુર, (ઉ.૨૧) રહે. કાલુપુર, નામનો યુવક પુરજોશમાં બાઈક ચલાવીને સ્ટંટ કરી રહ્યો હતો ત્યારે પેટ્રોલીંગ પર આવેલ નવરંગપુરા પોલીસના અધિકારીઓએ તેને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ વારાફરતી મહમંદ તોફીક મહમંદ સીદીક શેખ (ઉ.૨૦), સલમાન ઈન્તીહાસ અન્સારી (ઉ.૧૯) અને મહમંદ ઈરફાન ઉર્ફે ઈનું મોહમંદ અબ્બાસ (ઉ.૧૯) રહે. શાહપુર પણ બાઈકના સ્ટંટ કરતા પકડી પડાયા હતા. પોલીસ અધિકારીએ ચારેયના બાઈક પણ જપ્ત કરી લીધા હતા અને પોતાની જીંદગી તથા અન્યની જીંદગીના જોખમ અંતર્ગત ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી.

## સર્વેની કામગીરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવાસોમાં અગાઉ પણ બિનઅધિકૃત કબજા તેમજ બાકી ભાડાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે જયારે કર્મચારીઓની બદલી અને અવસાનના કિસ્સાઓ સંદર્ભે અગાઉ કોર્ટ કેસ દાખલ કરવા સુધીના પગલા પણ લેવામાં આવ્યા હતા. હાલ પણ સીધી ભરતી હેઠળના કર્મચારીઓ મકાન ખાલી ન કરતા કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે હવે સરકારી આવાસોના સર્વે બાદ પણ બિનઅધિકૃત કબજો ધરાવતા રહીશો સામે તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.